જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૧/૨૦૨૫ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૨૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૪૦/૨૦૨૫

**નિકોલઃ** પ્રતિકસિંહ સ/ઓ રાકેશસિંહ રાઠોડ (રહે. શરણમવિલા સોસાયટી ગોકુલ ગેલેક્ષી સામે ગામ-કઠવાડા તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૪ સવારના ૩/૪૫ વાગ્યાના સુમારે એક પુરૂષ પ્રતિકસિહ રાઠોડના ઘરમાં પ્રવેશ કરી પ્રતિકસિહ રાઠોડના સંબંધીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ઘરની દિવાલ કુદી નાસી ગયો હતો, તેમજ ઘરની દિવાલની બહાર અન્ય બે પુરૂષો પણ તેની સાથે હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.પઠાણ ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૪૧/૨૦૨૫

**ચાંદખેડાઃ** નીતાબહેન મહેશભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે. વિઠ્ઠલ વાયબ્રન્ટ મોટેરા ચાંદખેડા) તા.૦૫/૦૧/૨૦૨૫ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે મોટેરા કેના બંગ્લોઝ ચોકડી પાસે ક્રોસ કોર્નર ખાણીપીણી નામની દુકાન નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પોર્ટ જેવા બાઇક ઉપર આવેલ બે પુરૂષ નીતાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નીતાબહેન પટેલે તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશસ્ન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૨/૨૦૨૫</u>**

**સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટઃ** સોહિલભાઇ સ/ઓ નજીરએહમદ મન્સુરી (ઉ.વ.૩૬) (રહે. સફરખાન મસ્જીદ ગલી કાલુપુર ટાવર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ એસ.વી.પી. હોસ્પીટલ રીવરફ્રન્ટ રોડ નજીક ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એસ.વી.પી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૧/૨૦૨૫ કલાક ૨/૪૮ વાગે મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ મનહરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી